**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૮ જાન્યુઆરી ૨૦૧૩**

## શ્રી રામ નાઈક, માજી પેટ્રોલિયમ પ્રધાન અને ભાજપ નેતાએ ૨૮ જાન્યુઆરી ૨૦૧૩ ના મુંબઈ ખાતે પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન

### *ડિઝલનો ભાવવધારો એટલે માછીમારોને ડુબાડનારૂં સુનામી - રામ નાઈક*

**મુંબઈ, સોમવાર :** "પાછલાં બે ત્રણ મહિનાના ગેસ, ડિઝલ, પેટ્રોલ ના ભાવવધારાને કારણે દેશની આર્થિક અરાજકતા તરફ આગેકૂચ ચાલૂ હતી ત્યાંજ જથ્થાબંધ ડિઝલ ખરીદનારાઓમાં ૧૮ જાન્યુઆરીના માછીમારોનો સમાવેશ કરી લિટર દીઠ રૂ.૫૩.૨૧ ૫૨ થી રૂ.૬૪.૧૧ એટલે કે રૂ.૧૦.૯૦ નો કરેલો ભાવવધારો અર્થાત માછીમારો નું જીવન વેરવિખેર કરનારૂં સુનામી જ છે.મહમદ તુગલકને ય શરમાવે તેવો આ નિર્ણય પેટ્રોલિયમ પ્રધાન શ્રી વિરપ્પા મોઈલી નું બુધ્ધી નું દેવાળુ કાઢયું હોય તેવું જાહેર કરે છે," આ મુજબની પ્રતિક્રિયા માજી પેટ્રોલિયમ પ્રધાન અને ભારતીય જનતા પક્ષના નેતા શ્રી રામ નાઈક એ વ્યકત કરેલ છે. તેઓ આજે મુંબઈ ખાતે પત્રકાર પરિષદમાં બોલી રહ્યાં હતા.

"પાછલાં અઠવાડિયે પેટ્રોલિયમ પ્રધાને ડિઝલ ગ્રાહકોની સરકારી તેલ કંપનીઓના પેટ્રોલપંપ પરના ગ્રાહક અને મોટા પ્રમાણમાં ડિઝલ ખરીદનારા ગ્રાહકો (બલ્ક પર્ચેસર્સ) આમ વર્ગીકરણ કર્યુ હોવાથી પેટ્રોલપંપ પરના ગ્રાહકોના ડિઝલમાં લિટરદીઠ ૫૪ પૈસા નો વધારો કર્યો, અને મોટા ગ્રાહકો માટે લિટર દીઠ રૂ.૧૦.૯૦ જેટલો અભૂતપૂર્વ વધારો કર્યો છે. તે વર્ગીકરણ માં રેલ્વે, રાજય પરિવહન મંડળો, સંરક્ષણ મંત્રાલયની સાથે સાથે માછીમારો નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. રેલ્વે, પરિવહન મંડળો અને સંરક્ષણ મંત્રાલયના વાહનોમાં વપરાતા ડિઝલ તે એક જ માલિક ના અનેક વાહનો ને ખપતું હોય છે.માછીમારોની પરિસ્થિતી તેવી ન હોઈને દરેક બોટને સ્વતંત્ર માલિક હોય છે.માછીમારોની સહકારી સંસ્થાઓને પેટ્રોલ કંપનીઓ પેટ્રોલ પૂરૂં પાડતી હોવા છતાંયે તે કોઈ એક ગ્રાહક માટે નહીં પરંતુ તે જુદાજુદા સદસ્ય માછીમારો માટે હોય છે. દાખલાતરીકે મહારાષ્ટ્રમાંના દરિયાઈ ૬ જીલ્હાઓમાં ૧૦,૩૩૦ બોટ હોય તોય તેમના માલિકો જુદાજુદા હોય છે. જેથી તેમને જથ્થાબંધ ખરીદદારો (બલ્ક પર્ચેસર્સ) માં સમાવિષ્ટ કરવા અન્યાયપૂર્ણ થશે. દરિયામાં વધેલ પ્રદૂષણને કારણે માછલા મળવા ઓછા થયા છે, જેથી દૂર લાંબે માછિમારી કરવા જવું પડતું હોય છે, અને માટેજ હાલમાં માછિમારોને ડિઝલ વધુ વપરાય છે. આવી પરિસ્થિતીમાં ડિઝલનો ભાવ ૧૦.૯૦ લેખે વધારવો અર્થાત દુષ્કાળમાં અધિકમાસ જેવા હાલ થાય છે. તેથી માછીમારોનું વર્ગીકરણ બદલી તેમને પહેલાં ની જેમજ

યોગ્ય ભાવે ડિઝલ આપવું જોઈએ. માછિમારોએ વધેલાં ભાવ રૂ માં ડિઝલ ન ખરીદવાના નિર્ણયને ભાજપનો ટેકો છે. પરંતુ આ આંદોલન આમજ ચાલૂ રહેશે તો માછિમારોને ઉપવાસે મરવાનો વખત આવશે તેમજ માછલી ખાનારા ગ્રાહકો ને પણ અન્યાય થશે," એમ પણ શ્રી રામ નાઈકે કહ્યું છે.

"કોંગ્રેસ સરકારનું એકજ વસ્તૂ માટે બે ભાવો - બેવડા મૂલ્ય નું ધોરણ અવ્યવહારૂ છે, એટલુંજ નહીં તો ભ્રષ્ટાચાર ને વેગ આપનારૂં છે. દાખલા તરીકે રાજય પરિવહન મંડળની બસ ગાડિઓ તેલ કંપનીઓના પેટ્રોલ પંપ પર ગઈ તો તેમને ડિઝલની ના પાડી શકાશે નહીં. ત્યાં તે ઓછા ભાવે મળશે પરંતુ બલ્ક પર્ચેસર્સ પધ્ધતી મુજબ મોંઘું પડશે. રાજય પરિવહન મંડળો પહેલાંજ ખોટ માં ચાલી રહ્યાં છે તેમના ખર્ચમાં વધારો થવાથી તે હજુ વધુ ખોટમાં જશે જયારે કે ખાનગી આરામદાયી (લકઝરી) બસો ને ઓછા ભાવે ડિઝલ મળશે જે તેમનો ફાયદો થશે.સાકર કારખાનાઓને આપેલાં પંપો પર પણ વધારેલ ભાવોને આધારે ડિજલ મળવાનું હોવાથી તેમનું પણ આર્થિક નુકશાન થશે," આ મુજબનું પ્રતિપાદન પણ શ્રી રામ નાઈકે કરેલ છે.

રેલ્વે પર પણ આ નિર્ણયનું પરિણામ આવશે તેમ કહેતા શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, ‘‘રેલ્વે પ્રધાન શ્રી પવન કુમાર બંસલે ૯ જાન્યુઆરી ૨૦૧૩ ના પ્રવાસી નૂર માં જબ્બર ભાવવધારો ઝીંકયો છે. તેની અમલ બજાવણી ૨૧ જાન્યુઆરી થી શરૂ થયેલ છે. આ ભાડાવધારો કરતી વેળા ફેબ્રુઆરી ના બજેટ માં ભાડાવધારો કરશે નહીં તેવી ઘોષણા પણ તેમણે કરી હતી. રેલ્વે માટે લિટરદીઠ રૂ. ૧૦.૯૦ નો ડિઝલ ના ભાવ માં વધારો થતાં તેઓ હવે તેમનું વચન કઈ રીતે પાળશે તેનો ખુલાસો પણ તેમણે કરવો જોઈએ."

"તાત્પર્ય એજ કે બેવડા ભાવો નું આ ધોરણ અવ્યવહારૂ હોઈ આર્થિક અરાજકતા વધારનારૂં હોવાથી તે રદ્દબાતલ જ કરવું જોઈએ" આ મુજબની માગણી પણ શ્રી રામ નાઈકે અંતે કરી હતી.

**(કાર્યાલય સચિવ)**